# હકીકી દીદાર

લેખક :

અલ્લામા નસીરૂદ્દીન નસીર હુંઝાઈ

★

અનુવાદીકા :

અલવાઈઝા ઝરીના કમાલુદ્દીન

★

# હકીકી દીદાર

લેખક :

અલ્લામા નસીરૂદ્દીન નસીર હુંઝાઇ

★

અનુવાદીકા :

અલવાઇઝા ઝરીના કમાલુદ્દીન

★

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science knowledge for a united humanity

# લેખકનું નિવેદન

વડિલો, ભાઇઓ, બહેનો, મિત્રાં અને સ્નેહીઓ ! સૌ પ્રથમ મને એ જરૂર કહેવા દયો કે આજે એ સમય નથી રહ્યો જેને પ્રાચિનયુગ કહેવાય છે. જો કે એમાં પણ અમુક લાભદાયક અંશો સમાયેલા છે. તમો એ સારી રીતે જાણો છો કે આ જમાનો, જેમાં આપણે જીવન વીતાડી રહ્યા છીએ, તે ઇલ્મ હુન્નર, હિકમત અને તત્વજ્ઞાનનો અત્યંત પ્રગતિનો સમય છે. તેથી એ ઘણુંજ જરૂરી છે કે આપણી કોમના નવ-યુવાનોને એવું ઇલ્મ પહોંચાડવામાં આવે કે જેમાં અક્કલ, હોશિયારી અને બારીકાઇ વાપરવામાં આવી હોય. પરંતુ હા ! એ વિષે હું જરૂર એમ માનું છું કે આ કાર્ય માટે ઘણીજ મહેનત, સંપ–સલાહ અને ભાઇચારો ઘણોજ જરૂરી છે.

વ્હાલા મિત્રો ! આ એક નાની એવી પુસ્તિકા "હકીકી દીદાર"ના ઉન્વાનની માત્ર ઇસ્માઇલી જમાત માટે પ્રગટ કરવામાં આવી છે. જો કે આ કોઇ બહુ મોટું કામ નથી છતાં પણ ઉત્તમ એ માટે છે કે આ પુસ્તિકા નાની હોવાથી દરે દરેક ઇસ્માઇલી એના સંપુર્ણ વાંચન માટે પુરેપુરો સમય કાઢી શકશે. હવે સવાલ રહ્યો આ પુસ્તિકાના જ્ઞાન તેમજ હેતુઓનો તો વાંચકો પોતેજ એને વાંચી પોતાના મંતવ્ય રજુ કરે અને શકય હોય તો આ સેવકને આપના ઉત્તમ વિચારો જરૂર જણાવશો કે જેથી મને મારા કાર્યમાં વધુ હિમ્મત મળે.

"હકીકી દીદાર"ની આ પુસ્તિકા માટે ખરેખર મારા એ મિત્રો અને સ્નેહીઓનો સુંદર શબ્દોમાં આભાર માનવો જોઇએ કે જેઓ હંમેશા મને મદદ કરતા રહ્યા છે અને તેઓની મદદ વડેજ હું જમાતની ખિદમત કરી શકું છું. મારૂં હૃદય વારંવાર તેઓનો

આભાર માનવા મને ઉત્તેજીત કરે છે. જેઓ થકી મને હંમેશા પ્રેરણા મળ્યા કરે છે અને આ કામમાં મારી ભરપુર સહાય કરે છે. પરંતુ અહીં એ દરેકના નામો લખવા અશકય છે. અહીં આ પુસ્તિકા કેવી રીતે હસ્તિમાં આવી એનું ટુંક વર્ણન કરવું જરૂરી છે અને તે એ છે કે લગભગ જાન્યુઆરી ૧૯૭૬ના માસની સોલમી તારીખે એક બેઠક પુર્ણ થયા પછી મારા એક ઘણાજ પ્રિય મિત્ર અને રૂહાની ભાઇ ફતેહ-અલી હબીબે મને આ પુસ્તિકા તૈયાર કરવા કહ્યું અને મારા વ્હાલા મિત્ર નસરૂલ્લાહ રાઇ કમરૂદીને પણ એ વાતને ટેકો આપ્યો અને તેઓ બન્ને જનાબ શમ્સુદીન લાખાણી તેમજ બરકતઅલી નથુને મળ્યા અને આ પુસ્તિકાની ઉપયોગીતા તેમજ દીદારના વિષય પર પ્રકાશ પાડવો કેટલો જરૂરી છે એ જણાવ્યું.

અંતમાં હું એ દરેક ઇસ્માઇલીઓનો હૃદયપુર્વક આભાર માનું છું જેઓ ઇલ્મી મીત્રો તેમજ હકીકતને

ઓળખનારા છે અને મારી દિલી દુઆઓ છે કે ખુદા-વંદેઆલમ તેઓને તેમજ સઘળી જમાતને હકીકી ઇલ્મની દોલતથી ભરપુર રાખે અને બન્ને જહાનમાં નેકી અને સદભાગ્ય આપે.

માત્ર આપનો ઇલ્મી સેવક

**નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# મુબારક દીદાર

ન જાણે મારા સ્નેહીઓએ મને આજે અચાનક એવી ભલામણ કેમ કરી કે હું દીદારના વિષય પર કાંઇક લખું ! તેઓની આ સુંદર અને ઉત્તમ ભલામણ કદાચ એ માટે હતી કે આપણા વ્હાલા રૂહાની આકા હઝરત મૌલાના ધણી સલામત દાતાર શાહ કરીમ અલ હુસયની હાજર ઇમામ (અ.સ.) ટુંક મુદતમાંજ અહીં આપણા વ્હાલા વતન પાકિસ્તાનમાં મુબારક પધરામણી ફરમાવી અમો બધા ઇસ્માઇલીઓને પોતાના પવિત્ર દીદારનો લાભ નસીબ કરશે. તો અહીં હું ઝમાનાના ઇમામની મુલાકાત અને દીદારના લાભો. બરકતો. અને રૂહાની મેવાનું વર્ણન કરું તે પહેલાં એ જરૂરી સમ-જું કે આ દુન્યા પરથીજ અમુક દ્રષ્ટાંત રજુ કરું કે જેથી દરેક વ્યક્તિ સહેલાઇથી આ બાતિની અને પાક-

પિંઠ દુન્યાના પુલ પરથી પસાર થઇ હકીકત અને હિકમતના શહેરમાં પહોંચી શકે.

એ વિષે સૌ પ્રથમ એ સવાલનો યોગ્ય અને સમજમાં આવે એવો જવાબ હોવો જોઇએ કે પાંચ ઇન્દ્રિયો એટલે કે જોવું, સાંભળવું, સુંઘવું ચાખવું અને સ્પર્શવું વિગેરેમાંથી "જોવા"ની ઇન્દ્રિયની અગત્યતા શું છે અને એ વડે ઇન્સાન કેટલી હદે ખુશી અને આનંદ પ્રાપ્ત કરી શકે છે?

સૌ પ્રથમ શબ્દ "દીદાર" તરફ ધ્યાન ખેંચવામાં આવે છે કે દીદાર એક ફારસી શબ્દ દીદ અને દીદનથી બન્યો છે જેનો અર્થ દર્શન અને મુલાકાત વિગેરે થાય છે. દરેકે દરેકને આ શબ્દ ઘણોજ પ્રિય છે અને તે પ્રિય કેમ ન હોય જ્યારે કે તે ઘણા અર્થોમાં કુદરતના ઝાહેરી અને બાતિની સૌંદર્ય વિષે ઉચ્ચારવામાં આવે છે જ્યારે કે તે સૃષ્ટિની અજાયબીઓ અને કુદરતની નીશાનીઓના સૌંદર્યનું નામ છે, જ્યારે કે તે સ્વપ્નનાં, વિચારોની અને કલ્પનાઓની

દુનિયા ઉપરાંત રુહાનીયતની દુનિયાઓના જોવા અને નિરીક્ષણ માટે વપરાય છે. કે જેની દરેક વસ્તુઓ સિબ્ગતુલ્લાહ (અર્થાત ખુદાના રંગ)માં રંગાએલી નજર આવે છે અને જ્યારે કે આ શબ્દ પોતાના સર્વોત્તમ અર્થ ખુદાની મુલાકાત માટે વપરાય છે.

એ જાણવું જોઇએ કે આપણી ઇન્દ્રિયો પાંચ છે અને જો કે એનો સંબંધ પદાર્થિક વસ્તુઓ સાથે છે. પરંતુ એ માનવું પડશે કે એમાંથી આંખની ઇન્દ્રિય સર્વોત્તમ છે કારણ કે એની પહોંચ અને લિજ્જત અતિશય છે એટલે કે કુદરતની અજાયબીઓ તેમજ દુનિયાના સૌંદર્યનું નિરીક્ષણ કરવાથી જે લિજ્જત અને ખુશી પ્રાપ્ત થાય છે એની કડી કદી ખતમ થતી નથી

બગીચામાં જઇ સ્વાદિષ્ટ ફળોમાંથી ફળ ખાતા રહો અંતે કેટલા ખાઇ શકશો? રંગબેરંગી ફુલોની સુગંધ લેતા રહો અંતે કેટલી લેશો? થોડા સમય પછી તો માથામાં દુઃખાવો ઉપડવા લાગશે કારણ કે મગજ પદાર્થિક રીતે

ISW LS Institute for Spiritual Wisdom Luminous Science Knowledge for a united humanity

મર્યાદિત વસ્તુ છે અને એમાં વધુ પડતી સુગંધ સમાઇ શકતી નથી. પરંતુ બગીચાનું સુંદર સૌદર્યનું નિરીક્ષણ એવું નથી કે જે આપને થકાવે અથવા તો આપ એથી ધરાઇ જાઓ. તે ઉપરાંત જમીનની તો વાતજ શું કરીએ આંખ આસમાનને પણ પોતામાં સમાવી દયે છે અને એ મોટામા મોટી વસ્તુને નાની અને મર્યાદિત કરી શકે છે. તેથી એ સમજાયું કે આંખની શક્તિ રૂહાની શક્તિઓ સાથે ઘણીજ નિકટતા રાખે છે.

જે જ્ઞાની છે તેઓ એ જાણે છે કે ઇન્સાનમાં બહેરી ઇન્દ્રિયો ઉપરાંત બાતિની ઇન્દ્રિયો પણ છે અને તેમાં પણ બસીરત એટલે બાતિની આંખની શક્તિ સર્વોત્તમ છે અને એથીજ કુર્આનની હિકમતમાં જન્નતની સઘળી રૂહાની લિજ્જતો તરફ ઇશારો કરવા માટે જે વિષય પસંદ કરવામાં આવ્યો છે તે "લિકાઉલ્લાહ" (અર્થાત ખુદાનો દીદાર) છે. પછી ભલે તે દીદાર ગમે તે પ્રકારે હોય પરંતુ તેમાં જન્નત પોતાની સઘળી ન્યામતો અને

ખુશીઓ સહિત સમાયેલી છે અને કુર્આનમાં જ્યા પણ જન્નતની પ્રસંશા અને વર્ણન કરવામાં આવ્યું છે તે રૂહાની દીદાર અને ખુદાઇ નુરના જલ્વાનું દ્રષ્ટાંતિક વર્ણન છે આ વર્ણનથી કોઇને એ ભય ઉત્પન્ન ન થઇ જાય કે પછી જન્નતનું કોઇ અસ્તિત્વ જ નથી નહિં, ભાઇ ! નારાજ ન થાઓ ત્યાં બધુંજ છે પરંતુ રૂહાની અને નુરાનીરૂપે છે. કારણ કે ત્યાંની સઘળી વસ્તુઓ, દરેક ન્યામતો અને દરેક લિજ્જતો ખુદાના નુરના રંગે રંગાએલી છે અથવા એમ કહેવું જોઇએ કે જન્નત ખુદાના નુરના જુદા જુદા રૂપ અને જલ્વાઓની જગ્યા છે.

તો દીદાર પયગમ્બર સલ્અમના હોય અથવા ઇમામે ઝમાન (અ.સ.)ના પરંતુ તે આખરતના દીદાર માટેનું એકમાત્ર માધ્યમ (વસીલો) છે. આ દીદાર મુરીદોના દિલોજાનની શાંતિ છે. કારણ કે આ માન્યતા અને આ અનુમાન ખુદાવંદતઆલાના અસ્તિત્વની માન્યતા

હેઠળ આવે છે અને તેની નઝદીકી માટે છે. આનો હેતુ એ છે કે ખુદાના દીન સાથે સંપર્ક રહે. ખુદાની હિદાયત અને તેની ફરમાનબરદારી અમલમાં આવે. ખુદાવંદતઆલા તેમજ રસુલ સઅઅમની રહેમતો અને મહેરબાનીઓનો અમુક અંશ મળે કેમકે તે પ્રાપ્ત કરવાનો વસીલો આજ છે.

**અર્શ અને ઇમાન :–** જાણવું જોઇએ કે કોઇ પવિત્ર જગ્યાનો તવાફ કરવો એટલે કે તેની ચારે તરફ ભકિતભાવ, મહોબ્બત અને માનપુર્વક ફરવું જેમ કે ખાનએ કાબા'નો તવાફ કરવામાં આવે છે જે મહાન પવિત્રતા છે કિતાબ દાઇમુલ ઇસ્લામમાં એનું વર્ણન છે કે ફરિશ્તાઓ અર્શે અઝીમનો તવાફ કરે છે. હવે અહીં એ સવાલ ઉભો થાય છે કે ફરિશ્તા-ઓનો આ તવાફ માત્ર અર્શના સન્માન માટે છે કે પછી અલ્લાહના સન્માન અને મહાનતા અર્થે છે? આનો જવાબ જો એ મળે કે તવાફ ખુદાની મહાનતા

અને બંદગીરૂપ છે તો પછી પ્રશ્ન થશે કે તે ફરિશ્તાઓ અર્શ તેમજ તેને ઉપાડનાર ફરિશ્તાઓને મુકી માત્ર ખુદાનો તવાફ શા માટે નથી કરતા ? કારણ કે જાહેર છે કે રહેમાન ખુદા છે. અર્શ ખુદા નથી તેથી આ મહાનતા માત્ર ખુદા માટેજ હોવી જોઇએ. એમાં બીજા કોઇને શામેલ ન કરવું જોઇએ. આનો જવાબ અહેલે તાવીલ અને અહેલે હકીકત સિવાય બીજું કોઇ નહિં આપી શકે. જેનો એક ઇશારો તો એ છે કે અર્શના ઉપાડનારાઓ આઇમ્માએ તાહેરીન (અ.સ.) છે. નુરે મુતલક જે તેઓ પર કાયમ છે તે અર્શ ઇલાહી છે. તાહીરની હકીકત રહેમાન છે અને મુમિનની રૂહો ફરિશ્તાઓ છે જેઓ નુરની અર્શનો તવાફ કરે છે જેમકે મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે "અમો એ શખ્સ છીએ જે પોતાની નેક ઓલાદ સાથે ખુદાના અર્શને ઉપાડનારા છે."

આદમ અને ઇમામ (અ.સ.) :- કુરઆને

હકીમ પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે હઝરત આદમ (અ.સ.)માં ખુદાવંદતઆલાએ પોતાનો જે રૂહ ફુંકયો હતો તેજ રૂહ બીબી મરીયમ (અ.સ.)માં પણ ફુંકવામાં આવ્યો હતો (જુઓ કુર્આનેપાક. ૧૫ : ૨૯. ૨૧ : ૯૧. ૩૨ : ૯. ૩૮ : ૭૨. ૬૬ : ૧૨). એથી જણાયું કે જે પાક રૂહ આદમ (અ.સ.)માં જલ્વાગર થયો હતો તેજ રૂહ તમામ પયગમ્બરો અને ઇમામોના પવિત્ર સિલસિલામાં પણ ચાલતો આવે છે. ઉપરાંત પ્રથમ શ્રેણીના બુઝુર્ગોને પણ તેનો પ્રકાશ મળતો રહે છે. જેમકે મરયમ (અ.સ.)ના દ્રષ્ટાંત પરથી સ્પષ્ટ છે કે આપ ન તો પયગમ્બર હતા અને ન ઇમામ પરંતુ એક બુઝુર્ગ હતાં. તો પછી એ જરૂર તમે માનશો કે તે જ ખુદાઇ રૂહ જેના લીધે ફરિશ્તાઓએ આદમને સિજદો કર્યો હતો. આજે પણ ઇન્સાને કામિલમાં મૌજુદ છે તેથી દરેક પયગમ્બર અને ઇમામ (અ.સ.) મહાનતાને પાત્ર હોય છે અને કોઇ પણ સમજદાર ઇન્સાન એમ કદી પણ નહિ કહેશે કે

અંબીયા અને ઓલિયાઓનું જે સન્માન જાળવવામાં આવે છે તે કુફ્ર અને શિર્ક છે. જ્યારે કે ફરિશ્તાઓનું એ સન્માન જે આદમ (અ.સ.) માટે હતું તે એનાથી અનેક ઘણું વધારે હતું. આ એક ખુલ્લી દલીલ છે અને તે પછી કુર્આન, હદીસ અને અકલની એ સઘળી દલીલો આવે છે જે ઇમામ અને પયગમ્બરના સન્માન અને મહાનતા વિષેની છે.

અંબીયા અને ઇમામ (અ.સ.) આપણી માન્યતા પ્રમાણે જમાનો બે ભાગોમાં વહેંચાએલો છે. પહેલો નબુવતનો અને બીજો ઇમામતનો ઇમામતના દૌરમાં કોઇ ઇમામ નબી અથવા રસૂલ નથી હોતા પરંતુ નબુવતના દૌરમાં કે જે નબી સાહેબના પહેલાનો દૌર છે, કેટલાક ઇમામો પયગમ્બર પણ થયા છે. જેમ કે હઝરત શીશ (અ.સ.), હઝરત ઇબ્રાહીમ (અ.સ.), હઝરત ઇસ્માઇલ (અ.સ.) વિગેરે એનો અર્થ એ છે કે ઇમામને પયગમ્બર સાથે ઘણીજ નિકટતા છે અને

જે મરતબો ઇમામને રસુલ સલ્અમ તરફથી મળ્યો છે તે કોઇ બીજાને મળ્યો નથી એથી એ સ્પષ્ટ છે કે કુર્આનેપાકમાં પયગમ્બરોની જે મહાન સિફતોનું વર્ણન કરવામાં આવ્યું છે તે ઇમામો વિષે પણ છે તેથી આ એક સર્વમાન્ય હકીકત છે કે ઇમામે ઝમાન (અ.સ.)ના દીદારમાં ઘણાજ ફાયદાઓ અને બરકતો છે જે વડે મુંમિન પોતાની શકિત મુજબ ફાયદાઓ મેળવી શકે છે.

**કુર્આન અને ઇમામ (અ.સ.)** કુર્આને પાક અલ્લાહતઆલાના હિકમત ભરેલા કલામ છે જેનું સન્માન અને અદબ જાળવવાની દરેક મુસ્લિમની ફરજ છે અને એ સંબંધે જે પણ કાર્ય કરવામાં આવે તે નેક ગણાશે એજ પ્રમાણે ઇમામે ઝમાન (અ.સ.)નું સન્માન જાળવવું વાજબ અને જરૂરી છે. કારણ કે આપ (અ.સ.) ખુદાવંદતઆલાના હુકમ મુજબ મુઅલ્લિમે કુર્આનના મહાન મરતબા પર હોવા ઉપરાંત ખુદાએ હકીમની કિતાબે નાતિક પણ છે.

જે રીતે કુર્આને અઝીમની પાકિઝગી અને મહાનતા

પર ઇમાન ન રાખી કોઇ એમ કહે કે કુર્આન પોતા પર બેઠેલી એક માખી પણ ઉડાડી શકતું નથી તો એ એક સ્પષ્ટ અપમાન ગણાશે એજ રીતે ઇમામ આલી મકામ (અ. સ.)ની બશરીયત (ઇન્સાન હોવા)ના કોઇ પણ એક ભાગ પર વાંધો ઉપાડવો અને આન જનાબ (અ.સ.)નું માન, સન્માન ન જાળવવું તે ઇન્સાનની અલ્પ બુધ્ધી અને ઘણીજ મોટી ભુલ છે.

ઇસ્લામની દ્રષ્ટિએ સૌ પ્રથમ કુર્આનનો ભાવના અને મહોબ્બતથી સ્વીકાર કરવો જોઇએ. મુસાફરી વિગેરેમાં પણ સાથે રાખવું જોઇએ, તેનું વાંચન કરી બરાબર સમજવું જોઇએ અને તે પછી તેના ફરમાન મુજબ વર્તવું જોઇએ એજ રીતે ઇમામે આલી મકામ (અ.સ.)નો સૌ પ્રથમ ભાવના અને ઇમાનથી સ્વીકાર કરવામાં આવે છે. પોતામાં એની દોસ્તી, મોહબ્બત અને દીદાર

માટે સંપુર્ણ ભાવના ઉત્પન્ન કરવામાં આવે છે અને એના પરિણામે ઇમામે બરહક (અ.સ.)ની તાલીમાત અને હિદાયતનું નુર પ્રાપ્ત થાય છે. જેના પ્રકાશમાં ખુદાવંદતઆલા અને રસુલ સલ્અમના અહેકામ મુજબ વર્તી હંમેશાની નજાત પ્રાપ્ત કરી શકાય છે.

**કા'બા અને ઇમામ :-** ખાન એ કા'બા ખુદા-વંદતઆલાનું પવિત્ર ઘર છે એના પુરાવા માટે એટલુંજ પુરતું છે કે ખુદાવંદતઆલાએ એને પોતાનું ઘર જણાવી એને ઘણુંજ માન આપ્યું છે. હવે જો કોઇ શખ્સ પોતાની અલ્પબુધ્ધી અને અધુરા જ્ઞાન મુજબ ખાન એ કા'બાને પરખી અને એ પ્રત્યેની ભાવનાને માત્ર બુત-પરસ્તી (મુર્તિપુજા) સમજે અને એની તાવીલી હિકમ-તોનો અસ્વીકાર કરે તો એ એની ગેરસમજુતિ અને અજ્ઞાનતા ગણાશે. કારણ કે તે એમ નથી વિચારતો કે એમાં અલ્લાહતઆલાની કોઇ હિકમત હશે.

એજ રીતે ઇમામે ઝમાન (અ.સ.) માટે છે કે આપ જનાબ (અ.સ.) હકીકતના મકામ પર ખાના એ ખુદાનો મકાન મર્તબો ધરાવે છે જેના પુરાવા માટે કુર્આન, હદીસ અને જ્ઞાનીઓની અસંખ્ય સ્પષ્ટ દલીલો મૌજુદ છે. જેમાની એક દલીલ એ છે કે અલ્લાહતઆલાનો દરજ્જો "હુવલ અવ્વલુ વલ આખિરૂ વઝ્ઝાહિરૂ વલ બાતિનુ" (૫૭:૩) મુજબ જગતમાં સાબિત અને મૌજુદ છે. તો આલમે શરીઅતમાં ખુદાવંદતઆલાનું ખાના એ કાબા છે અને આલમે હકીકતમાં ઇમામે ઝમાન (અ.સ.)નું અસ્તિત્વ હકતઆલાનું ઘર છે, કારણ કે શરીઅત જાહેર છે અને હકીકત તેનું બાતિન છે. અને એ વાત તદન અશકય છે કે જાહેરમાં તો ખુદાનું એક ખાસ ઘર હોય અને બાતિનમાં નહોય. પરંતુ ખરૂં તો એ છે કે ખાન એ કાબા મિસાલ (દ્રષ્ટાંત) છે અને ઇમામ આલી મકામ (અ.સ.) તેનુ મમ્સુલ (જેનું દ્રષ્ટાંત આપવામાં આવે) છે અને

ખુદાની દીધેલી આ બન્ને વસ્તુઓમાં શંકાને કોઈ સ્થાન નથી.

આન હઝરત રસૂલ્અલ્લાહ અને ઈમામ (અ.સ.) અહીં ખુદાવંદી હિકમતનો એ મુખ્ય કાનુન જરૂર યાદ રાખવો જોઈએ કે ખુદાવંદતઆલાએ કુઆનિ હકીમમાં જ્યાં પણ ઉમુરે દિન વિષે આન હઝરત સલ્અમને કોઈ હુકમ ફરમાવ્યો છે તો તેમાં આપ સલ્અમના ઇલ્મો હિકમત અને હિદાયતનાં સઘળા માધ્યમો પણ ખુદાની દ્રષ્ટિ હેઠળ રહ્યા છે કે જે વડે રસુલ સલ્અમ વર્તમાન અને અને ભવિષ્ય કાળમાં લોકોની હિદાયત અને રહેનુમાઈ કરવાવાળા હતા જેની કેટલીક દલીલો નીચે મુજબ છે.

હકતઆલાનું ફરમાન છે કે "અને ખરેખર તું સીધા માર્ગ તરફ દોરવે છે" (૪૨ : ૫૨) અલ્લાહ પાકના આ ફરમાન પરથી એ હકીકત સાફ જાહેર છે

કે ઇસ્લામ દીનની હિદાયતની જવાબદારી કયામત સુધી નબીસાહેબ પર રહેશે અને એથી એ સ્પષ્ટ છે કે નબી સાહેબ આ કામ કુર્આન પાક અને આપના જાનસીન એટલે કે ઇમામ આલી મકામ (અ.સ.) દ્વારાજ પુરૂં કરે ! અલ્હમ્દુલિલ્લાહ ! બિલ્કુલ એજ પ્રમાણે થયું અને એજ કારણે ઇસ્માઇલી ઇમામે ઝમાન (અ.સ.)ના ફરમાન દ્વારા રસુલ સલ્અમની ઇતાઅત કરે છે.

## વસીલાએ હિદાયત (હિદાયતનું [illegible]) :-

જે રીતે ઉપરોકત દલીલમાં એ કાનુને ઇલાહીનો ખુલાસો કરવામાં આવ્યો કે મુહમ્મદ સલ્અમે ન માત્ર પોતા તરફથી દીને હકની સરદારી અને રહેનુમાઇ ફરમાવી પરંતુ આપે ખુદાના હુકમ મુજબ કિતાબે સમાવી અને ઇમામે બરહક (અ.સ.) મારફત આપના ઇલ્મો હિકમત અને હિદાયતનો સિલસિલો દુનિયામાં કાયમ રાખ્યો. એથી જાહેર થયું કે ઇમામ (અ.સ.)ની હિદાયત રસુલ સલ્અમની હિદાયત છે અને રસુલની

હિદાયત ખુદાની હિદાયત છે જેમકે આ આયત પરથી પણ પુરવાર થાય છે કે "અને હિદાયત કરવા અને મદદ દેવા માટે આપનો પરવરદિગાર પુરતો છે" (૨૫:૩૧) કુર્આનપાકની આ હિકમત ભરેલી તાલીમનો અર્થ છે કે અલ્લાહતઆલાએ પોતાની સુન્નત અને આદત મુજબ ઇન્સાન જાતની હિદાયત માટે જે પધ્ધતિ મુકર્રર કરી છે એજ રીત અલ્લાહતઆલાને ઘણીજ ગમે છે અને એનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે. અને તે એ છે કે ખુદાની હિદાયત અને તાહિદ હંમેશા હાદિયાને બરહક (સાચા હાદીઓ) મારફત આવતી રહી છે. ઉપરાંત આ એક સત્ય હકીકત છે કે અંબીયા અને અઇમ્મા (અ.સ.)ની હિદાયત ખુદાની હિદાયત છે કારણ કે તે [illegible] મામુર મિનલ્લાહ (અલ્લાહ તરફથી નિમાયલા) અને વાસિલ બિલ્લાહ (અલ્લાહ સાથે મળેલા)નો મહાન મર્તબો ધરાવે છે.

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

**અહેલેબૈત અને ઇમામ :–** હઝરત રસુલ (સ.અ.વ.) એ અહેલેબૈત વિષે ફરમાવ્યું છે કે "કસમ છે તે ઝાતે પાકની કે જેના કુદરતના કબ્ઝામાં મારી જાન છે, કે કોઇ પણ શખ્સના દિલમાં ત્યાં સુધી ઇમાન દાખલ નથી થતું જ્યાં સુધી તે તમારા (અહેલે બૈત) દ્વારા ખુદા અને તેના રસુલ માટે દોસ્તી અને મહોબ્બત નથી કરતો" (મિફતાહુ કુનુઝુસ્સુન્નહમાં તિરમીઝી અને મુસ્નદ અહમદ બિન હંબલના હવાલાથી)

આ હદીસ પરથી માત્ર પંજતન પાક એટલે કે અહેલેબૈતની દોસ્તી અને મહોબ્બત જ જરૂરી નથી પરંતુ સાથે સાથે સાથે ઝમાનાના ઇમામની વલાયત અને દોસ્તી પણ જરૂરી છે; કારણ કે રસુલે કરીમ સલ્અમ પછી અહેલે બૈતનો મકસદ ઇમામે ઝમાન (અ.સ.) જ છે. હાદીએ ઝમાનની દોસ્તી અને મહોબ્બતના પુરાવા પછી આપણે એમ કરી શકીએ છીએ

કે આ હકીકી મહોબ્બતની માગણી એ છે કે ઇમામે બરહકના મુબારક દીદાર પ્રાપ્ત થાય કે જે જેથી આ પાક અને પવિત્ર દીની મહોબ્બતમાં હંમેશા વધારો થતો રહે.

એજ રીતે હુઝુરે અન્વર સલ્અમે મૌલાના અલી (અ.સ.) વિષે ફરમાવ્યું કે: "મુમિન સિ[redacted] એનાથી બીજું કોઇ દોસ્તી અને મહોબ્બત નથી રાખતું અને મુનાફિક સિવાય બીજું કોઇ એનાથી દુશ્મની અને શત્રુતા નથી રાખતું" (મિફતાહુ કુનુઝુસ્સુન્નહમાં તિરમીઝી ઇબ્ને માજા અને મુસ્નદ અહમદ બીન હંબલના હવાલાથી) અહીં એ જાણવું જોઇએ કે જે રીતે કુર્આન હક (સાચ) અને બાતિલ (જુઠ) વચ્ચે ફરક પેદા કરવા માટે ફુરકાન (ફરક કરનાર) રૂપે છે તેજ પ્રમાણે અલી (અ.સ.) હકીકતનું એ પ્રમાણ છે. જે દ્વારા એ જણાય છે કે મુ'મિન કોણ છે અને મુનાફિક કોણ છે.

આન હઝરત સલ્અમ ફરમાવે છે કે: "અલી ખુદા અને તેના રસુલથી મહોબ્બત કરે છે તેમજ ખુદા અને રસુલ અલીથી મહોબ્બત કરે છે" (મિફતાહુ કુનુઝુસ્સુન્નાહમાં મુસ્નદ અહમદ બિન હંબલના હવાલાથી) ઉપરાંત ફરમાવે છે કે "અમો હિકમતના ઘર છીએ અને અલી તેનો દરવાજો છે" (ઉપરોકત પુસ્તકમાં તિરમીઝીના હવાલાથી) તેથી જાણવું જોઇએ કે જે મર્તબો અલી (અ.સ.)નો છે તેજ મરતબો ઇમામે ઝમાન (અ.સ.)નો છે, કારણ કે એજ નુરે વલાયત જે અલી (અ.સ.)માં હતું તે આજે હયાત અને હાઝર ઇમામમાં જલ્વાગર છે.

ઉપરોકત અહાદીસ શરીફ ઉપરાંત બીજી ઘણી હદીસો પરથી અહુલેબૈતે અત્હાર અને ઇમામે ઝમાન (અ.સ.)ની મહાનતા અને બુઝુર્ગીનો પુરાવો મળી આવે છે. તેમજ આ હદીસો વડે વલાયતે અલી

(અ.સ.) વિષેની કુર્આનની આયતોનો ખુલાસો થાય છે તે પછી એમાં કોઇ દીનદારને ઇમામની મહોબ્બત અને દોસ્તી તેમજ પવિત્ર દિદારના મેવાઓ વિષે કઇ રીતે પ્રશ્ન ઉપજે? હાં! તે પોતાના ઇલ્મમાં વધારો કરવા ઇચ્છતો હોય તો પ્રશ્ન ઉત્પન્ન થઇ શકે છે. અલ્હમ્દુલિલ્લાહ! કે હકીકી મુ'મિનો અલ્લાહતઆલા અને તેના વ્હાલા રસૂલ સલ્અમની ઇચ્છા મુજબ ઇમામે ઝમાન સાથે જે રીતે દોસ્તી અને મહોબ્બત રાખવી જોઇએ તેજ રીતે રાખે છે અને હંમેશા આ શાને વલાયત અને નુરે હિદાયતના મુબારક અને મુકદ્દસ દીદાર માટે રાહ જોતા રહે છે.

**મુ'મિનનું દિલ અને ઇમામ (અ.સ.):–** મુ'મિન બંદાનુ દિલ ખુદાવદતઆલાનું અર્શ (એટલે તખ્ત) છે પરંતુ અહીં એ વિચારવાની ખાસ જરૂર છે. કે મુ'મિનો પોતાના વધુ અને ઓછા ઇમાનને લીધે જુદા જુદા મર્તબા પર છે. અહીં એ કહેવું હકીકત

છે કે પયગમ્બર અને ઇમામ (અ.સ.) ઇમાનના સૌથી મહાન દરજ્જા પર છે અને એ બન્ને હઝરાતના મુબારક દિલ હકીકી મુ'મિનોમાં ખુદાવંદતઆલાના અર્શરૂપે એ રીતે છે કે જે રીતે હોવા જોઇએ અને ખરેખર અલ્લાહતઆલાનું રૂહાની, નુરાની અને મારફતી અર્શ આજ છે.

**ઇતાઅત, મહોબ્બત અને દીદાર :–** આયાએ ઇતાઅત પરથી એ જાહેર છે કે સૌ પ્રથમ ખુદાની ઇતાઅત છે, પછી રસુલ (સ.અ.વ.)ની અને તે પછી ઉલુલ અમ્ર (એટલે પવિત્ર ઇમામો (અ.સ.)ની પરંતુ એ [illegible] દરેક જણ જાણે છે કે અલ્લાહતઆલાની ઇતાઅત અને ફરમાનબરદારી પયગમ્બર વગર અશક્ય છે અને હકીકતમાં [illegible] ઇતાઅત ઇમામ વગર અશક્ય છે. એજ રીતે હિકમતની ઝબાનમાં ફરમાવવામાં આવ્યું છે કે ખુદાની મહોબ્બત પયગમ્બર અકરમ દ્વારા અને પયગમ્બરની મહોબ્બત ઇમામે

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

વકત દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. તો એનું પરિણામ એ નિકળ્યું કે માત્ર [redacted]અત અને મહોબ્બતનું જ આ દ્રષ્ટાંત નથી, પરંતુ ખુદાની મુલાકાત અને દીદાર પ્રાપ્ત કરવાનું માધ્યમ પણ આજ છે કે ઇમામે ઝમાન (અ.સ.)ના મુબારક દીદાર વડે પયગમ્બર અને ખુદાના દીદાર તેમજ મારફત પ્રાપ્ત [illegible] શકાય છે.

**વસીલા([redacted]) અને દુઆ :–** સુરા નિશાની ૬૪મી આયતમાં રસુલ સલ્અમની હયાતીના જમાનાના કેટલાક લોકો વિષે ફરમાવ્યું છે કે "અને જો તેઓ એ જ વખતે જ્યારે તેઓએ પોતાની જાનોં પર જુલમ કર્યો હતો, તારી પાસે આવતે અને અલ્લાહ તઆલા પાસે માફી માગતે અને રસુલ પણ તેઓ માટે માફી માગતે તો તેઓ ખરેખર અલ્લાહને તૌબા કબુલ કરનાર અને બહુ મહેરબાન જોતે"

આ હુકમે ઇલાહી પરથી એ સ્પષ્ટ થાય છે કે

હાદીએ બરહકના હાઝર અને મોજુદ હોવાની અગત્યતા શું છે અને મુ'મિનો માટે તેઓની પાક અને પવિત્ર દુઆ કેટલી હદે જરૂરી છે અને આ એક સ્પષ્ટ ઇશારો એ હકીકત તરફ છે કે જ્યારે ઇમામે ઝમાનના મુબારક દીદાર પ્રાપ્ત થાય છે ત્યારે અમુક મુ'મિનોના દિલ કુદરતી રીતે નરમ થઇ જાય છે અને તેઓની આંખોમાંથી આંસુઓ નીકળી પડે છે. અને એવા ભાગ્યશાળી મુ'મિનોની એ સ્થિતિ માત્ર ખુદાની હુઝુ-રમાં તોબા અને દુઆ રૂપે છે, અને આ ભલાઇ હકીકતમાં પવિત્ર દીદારના ફાયદાઓ અને બરકતના ફળ રૂપ છે.

ઇન્સાન જ્યારે અલ્લાહતઆલાની ઇબાદત-બંદગીમાં લીન થઇ જાય છે અને તેના અવાજની હાલત એવી હોય છે કે તે સૌ પ્રથમ શ્વાસ વડે હવાને ફેફસામાં ભરી લ્યે છે અને પછી ગળું. જીભ. [illegible] દાંત અને હોઠોની મદદ વડે એ હવામાંથી શબ્દો બનાવી

તે [illegible] ખુદાના વખાણ કરે છે. એનો અર્થ એ થયો કે ઇન્સાન જે પોતે એક સૃષ્ટિ છે તે ઉપર મુજબની રીતથી શ્વાસ અને અવાજને ઉત્પન્ન કરી તે દ્વારા ખુદાની ઇબાદત કરે છે એથી એ પણ જાહેર થાય છે કે તેને દરેક વખતે કોઇને કોઇ વસીલા (માધ્યમ)ની સહાય લેવી પડે છે અને તે માટે તેને ખુદાએ [illegible] તરફ દ્રષ્ટિ કરવી જોઇએ.

**દીદારે ખુદાવંદી :-** જો કે આ વાત કુર્આને-પાકની એક બુન્યાદી હકીકત છે કે અલ્લાહતઆલાની પવિત્ર ઝાત દરેક પ્રકારની શંકાથી પર છે તે છતાં ખુદાવંદતઆલાનું એ પણ ફરમાન છે કે માત્ર આખ-રતના જગતમાં નહિ પરંતુ દુનિયાની મહાન રૂહાનિ-યતમા પણ ખુદાએ રહેમાનના પવિત્ર દીદાર સુધી પહોંચી શકાય છે અને અમો અહીં એ બાબત પર વાદવિવાદ નથી કરતા કે એવા રબ્બાની દીદાર કેવી રીતે કરી શકાય. કોઇ માધ્યમ વડે કે માધ્યમ વગર?

Institute for Spiritual Wisdom Luminous Science

પરંતુ દીદારે ઇલાહી હક છે. જેમકે કુર્આને કરીમમાં ફરમાવવામાં આવ્યું છે કે: "તે દિવસે કેટલાક ચહેરા હરખથી તાજાં હશે (અને) પોતાના પરવરદિગારની તરફ નિહાળતા હશે." (૭૫:૨૧.૨૨.) કુર્આને હકીમની આ બરકતવાળી તાલીમના પ્રકાશમાં એ હકીકત જાહેર થાય છે કે દીને ઇસ્લામમાં પયગમ્બર અને ઇમામ (અ.સ.)ના મુબારક દીદારની અગત્યતા એ માટે છે કે જે રીતે તેઓની ઇતાઅત અને મહોબ્બત ખુદાની ઇતાઅત અને મહોબ્બત છે એજ રીતે તેઓના દીદાર પણ ખુદાના દીદાર છે અને એજ અર્થમાં રસુલ સલ્અમે ફરમાવ્યું કે "મન રઆની ફકદ રઆલ્લાહ" (અર્થાત જેણે મને જોયો તેણે ખુદાને જોયો)

સુરા એ'રાફની ૭૯મી આયતમાં ખુદાવંદતઆલા હિકમતની જબાનમાં ફરમાવે છે કે હાદીએ બરહક સાથે દોસ્તી અને મહોબ્બત ન રાખવી તે નસીહત અને હિદાયતના અસ્વીકારનું કારણ બની જાય છે ઇન્સાનમાં એ વસ્તુ સ્વાભાવિક છે કે કોઇ શખ્સ

Institute for Spiritual Wisdom and Luminous Science

કોઇ શિક્ષકની તાલીમ અથવા કોઇ ભલામણ કરનારની ભલામણ અને કોઇ મઝહબી બાબતોનો સ્વીકાર ત્યારે જ કરે છે જ્યારે તે તેના પર ભાવના અને મહોબ્બત ધરાવતો હોય અને જો તેની નસીહત અને હિદાયત સમક્ષ વિરૂધ્ધતા અને દુશ્મનીની ભીંત ઉભી કરવામાં આવે તો તાલીમ અને નસીહત આગળ વધી શકતી નથી.

આ ખુલાસો કુર્આનની તાલીમાતમાંથી છે કે અલ્લાહતઆલાની મુહબ્બત સિધેસિધી પ્રાપ્ત થતી નથી [redacted] હઝરત સલ્અમની ઇતાઅત અને મહોબ્બત માટે પણ માધ્યમ હોવું જોઇએ તે ઇમામે ઝમાન (અ.સ.) છે. જે દુનિયામાં હાઝર અને મોજુદ છે. જેઓની મહોબ્બત દીની મહોબ્બતની બુનિયાદરૂપે છે કે એના પરિણામે રસુલ અને ખુદાની મહોબ્બત પ્રાપ્ત થાય છે.

કુર્આન કહે છે કે ખુદાતઆલાએ મુ'મિનોને ઇમાનની મહોબ્બત અતા કરી છે એટલે કે ઇમાન મુ'મિનો માટે ઘણુંજ પ્રિય અને પ્યારૂ ગણવામાં આવ્યું છે અને

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

એનો ઇશારો એ છે કે પયગમ્બર અને ઇમામ (અ.સ.) જે ઇમાનનું આંતર સ્વરૂપ છે. તેઓ સાથે દોસ્તી અને મોહબ્બત રાખવામાં આવે.

સરવરે અંબીયા મુહમ્મદ મુસ્તફા સલ્અમે ફરમાવ્યું છે કે "જેણે મને જોયો તેણે ખુદાને જોયો" આપનું આ મુબારક ફરમાન મહાન હિકમતો ભરેલું છે. નબી સાહેબના આ ફરમાન પરથી સ્પષ્ટ થાય છે કે રસુલ સલ્અમ પોતાના સમયમાં ખુદાના ચહેરારૂપે હતા. જેમકે આયાએ બયઅતના પ્રકાશમાં આપના હાથ ખુદાના હાથરૂપે હોવામાં કોઇ શંકા નથી એજ રીતે આપ વજ્હુલ્લાહનો મહાન દરજ્જો રાખતા હતા અને આપ પછી અઇમ્માએ તાહેરીન (અ.સ.) પણ પોત પોતાના [illegible] છે તેથી આ સ્પષ્ટ હકીકતના જાણવાથી હકીકી મુઅમિનોને ઘણી જ ખુશી થશે કે ઇમામે ઝમાન (અ.સ.)ના મુબારક દીદાર માટે તેઓ જેટલી હદે વ્યાકુળ રહે છે તેટલી જ હદે ઇમાનની રોશનીમાં વધારો થતો રહે છે.

ખુત્બતુલ બયાન એટલે મૌલાના અલી (અ.સ.)ના કલામમાં ઇર્શાદ છે કે "અમે ખુદાના ચહેરારૂપે છીએ આસમાનમાં પણ અને જમીનમાં પણ" એનો તાવીલી ખુલાસો એ છે કે રસુલ અને ઇમામ (અ.સ.) ખુદાના ચહેરારૂપે એ અર્થમાં છે કે તેઓ કુઝરાત આલમે દીનમાં ખુદાના ખલીફા અને નાઇબ છે. તેઓનીજ શનાખત અને મારફત વડે ખુદાની શનાખત અને મારફત પ્રાપ્ત થાય છે, તેઓના જ દીદાર વડે ખુદાના દીદાર મળે છે અને તેઓની જ મહોબ્બતમાં ખુદાની મહોબ્બત સમાયેલી છે તેથી દીદારે ઇલાહી પ્રાપ્ત કરવાનું હકીકી આગાઝ લિકાઉલ્લાહના પ્રથમ દરજ્જા રૂપે છે એટલે કે આ દરજ્જો બીજા દરજ્જાના નાઇબરૂપે છે એટલે કે પયગમ્બર અને ઇમામ (અ.સ.)ના દીદાર ખુદાના દીદારની જગ્યા છે.

અગર આ હકીકત માનવામાં આવે કે ઇન્સાન અશ્રફુલ મખ્લુકાત (સૃષ્ટિમાં સર્વશ્રેષ્ઠ) છે; કારણ કે

તેનો કાયનાતની દરેક વસ્તુઓમાં શ્રેષ્ઠ ગણવામાં આવ્યો છે અને ઇન્સાને કામિલ ઇન્સાન ઝાતમાં સર્વોત્તમ છે અને નેક ઇન્સાનોની રૂહો દરજ્જા પ્રમાણે ફરિશ્તાઓ અને રૂહાનીઓ છે તો એ હાલતમાં આ પણ એક હકીકત ગણાશે કે પયગમ્બર અને ઇમામ જે કામિલ ઇન્સાન છે તેઓ હકતઆલાના નઝદીકના દરજ્જાની ચોટી પર છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે તેઓ તો ફનાફિલ્લાહ અને બકાબિલ્લાહની હાલતમાં હોય છે. જો તેઓ આ રીતે ખુદા સાથે ન હોત અને ખુદાના માર્ગથી થોડા પણ દુર હોત તો પછી એ સ્થિતિમાં તેઓ લોકોના હકીકી રહેનુમા શી રીતે બની શકત ? એથી સ્પષ્ટ છે કે ઇન્સાને કામિલ સંપુર્ણ રીતે ખુદા સુધી પહોંચેલા હોય છે અને તેથીજ ઇમામે ઝમાન (અ.સ.)ના દીદારનું સદભાગ્ય પ્રાપ્ત કરવું એ એક જરૂરી વસ્તુ છે કે જેથી મુ'મિનો સંપુર્ણ રીતે પોતાના ઇમામ (અ.સ.)ની હુઝુરમાંથી બરકતની દુઆઓ મેળવી શકે.

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

ROAD, KARACHI